Godrej Finance Limited
Godrej | FINANCE
A Godrej Capital Company

જાહેર સૂચના

માસ્ટર દિશાનિર્દેશ - રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (નોન-બેંકિંગ ફાઇનાન્શિયલ કંપની - સ્કેલ બેઝ્ડ રેગ્યુલેશન) દિશાનિર્દેશ, 2023 ના ફકરા 43 ના સંદર્ભમાં 'ગોદરેજ ફાઇનાન્સ લિમિટેડ' દ્વારા જાહેર સૂચના.

ગોદરેજ ફાઇનાન્સ લિમિટેડ ("કંપની" અથવા "GFL") એ કંપનીઝ એક્ટ, 1956 (કોર્પોરેટ ઓળખ નંબર: U67120MH1992PLC065457) હેઠળ સમાવિષ્ટ એક પબ્લિક લિમિટેડ કંપની છે અને તે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (COR. નં: 13.00368) માં ડિપોઝિટ ન લેતી નોન-બેંકિંગ ફાઇનાન્શિયલ કંપની ("NBFC") તરીકે નોંધાયેલ છે. GFL ની રજિસ્ટર્ડ ઓફિસ ગોદરેજ વન, પિરોજશાનગર, ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, વિક્રોલી (પૂર્વ), મુંબઈ - 400079, મહારાષ્ટ્ર ખાતે સ્થિત છે.

આથી સૂચના આપવામાં આવે છે કે, કામગીરી સંબંધિત કારણોસર કંપની ટીબી-10, ત્રીજો માળ, સોલિટેર બિઝનેસ સેન્ટર, ડીસીબી બેંક સામે, વાપી - સિલવાસા રોડ, વાપી, 396195 - ગુજરાત, સ્થિત તેની શાખા ઓફિસને બીજા માળે, યુનિટ નં. 215 અને 216, કેપિટલ બિઝનેસ સેન્ટર, સ્ટેશન ચાર રસ્તા, પીડબ્લ્યુડી સર્કિટ હાઉસ સ્ટેશન સામે, કંચન નગર, વાપી, 396191- ગુજરાત ખાતે આ સૂચનાની તારીખથી 3 મહિના સુધીમાં ખસેડશે.

ગ્રાહકના તમામ પ્રશ્નો customercare@godrejcapital.com પર સંબોધી શકાય છે.

આ સંદર્ભમાં કોઈપણ સ્પષ્ટતા અથવા પૂછપરછ માટે આ સૂચનાની તારીખથી 30 (ત્રીસ) દિવસની અંદર કંપનીને તેની રજિસ્ટર્ડ ઓફિસ પર શ્રી યોગેશ જૈન, ચીફ કમ્પ્લાયન્સ ઓફિસરને સંબોધિત કરીને અથવા gfl.compliance@godrejfinance.com પર સંબોધી શકાય છે.

હસ્તાક્ષર
ગોદરેજ ફાઇનાન્સ લિમિટેડ વતી
સ્થળ: મુંબઈ
તારીખ: 29-10-2025

એયુ સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ
મુખ્ય કાર્યાલય - જયપુર
AU SMALL FINANCE BANK

જગ્યા સ્થળાંતર માટેની જાહેર સૂચના

અમારી કુહા શાખા, જે હાલમાં પહેલા માળે, દુકાન નં. 112 અને 113, રામેશ્વર હોમ્સ & શોપ, કુહા, તા-દસક્રોઈ, જિલ્લો-અમદાવાદ, ગુજરાત-382433 ખાતે કાર્યરત છે, તેને 7 ડિસેમ્બર 2025 થી નીચેના સરનામે ખસેડવામાં આવશે

નવું સરનામું
એયુ સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ
પહેલો માળ, દુકાન નં. 116, હિંડવે કોમ્પ્લેક્સ, મોજે કુહા, તા. દસક્રોઈ, જિલ્લો અમદાવાદ, ગુજરાત - 382433

સ્થળ: કુહા, ગુજરાત
તારીખ: 29 ઓક્ટોબર, 2025
શાખા પ્રબંધક
ગુજરાત

NORTHERN ARC
નૉર્દર્ન આર્ક કેપીટલ લિમિટેડ
રજીસ્ટર્ડ ઓફીસ : ૧૦મો માળ, ફેઝ-૧, આઇઆઇટી-મદ્રાસ રીસર્ચ પાર્ક, કાનગામ, ગામ, તારામણી, ચેન્નઇ-૬૦૦૧૧૩, તમિલનાડુ.

પરિશિષ્ટ -V - ઇ-હરાજી વેચાણ સૂચના - (નિયમ ૮(૬) ની જોગવાઈ હેઠળ)

નાણાકીય સંપત્તિ અને સુરક્ષા હિતના અમલીકરણ અધિનિયમ, ૨૦૦૨ ના સિક્યોરિટીઝેશન અને પુનર્નિર્માણ હેઠળ બેંકને વસૂલવામાં આવતી સ્થાવર સંપત્તિનું વેચાણ.

નોર્ધન આર્ક કેપિટલ લિમિટેડના અધિકૃત અધિકારી તરીકે નીચે સહી કરાયેલા અધિકારીએ સરફેસી કાયદાની કલમ ૧૩(૪) હેઠળ નીચેની મિલકતોનો કબજો સંભાળી લીધો છે. જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે નોર્ધન આર્ક ના લેણાંની વસૂલાત માટે સરફેસી કાયદા હેઠળ ચાર્જ કરાયેલ મિલકત/ઓઝનું ઇ-ઓક્શન **"જેમ છે જ્યાં છે તેના આધારે" અને "જેમ છે જે છે તેના આધારે"** અને અહીં ઉલ્લેખિત નિયમો અને શરતો પર કરવામાં આવશે.

લેણદારનું નામ સહલેણદારનું	કઈ મિલકત વેચાઈ રહી છે/છે તેની વસૂલાત માટે બાકી લેણાં	મિલકતનું વર્ણન
શ્રી. નિલય રજનીકાંત વૈષ્ણવ શ્રી. રજનીકાંત રમણલાલ વૈષ્ણવ મેસર્સ જય બજરંગ એન્ટરપ્રાઇઝ	**રૂા.૫૧,૯૨,૪૨૪.૫૦/-** ૦૯ નવેમ્બર ૨૦૨૪ મુજબ અને વ્યાજ સાથે અને અન્ય ખર્ચ સાથે	સમગ્ર જમીન અને મિલકત રહેણાંક ઘર નં. ૮૪૫, ૮૪૬, ચોવીસી સ્ટ્રીટ, રામજી મંદિર નજીક, મોજે : પલસાણા, તાલુકો : પલસાણા, જિલ્લા : સુરત, ગુજરાત.

વેચાણની વિગતો નીચે મુજબ છે:-

અનામત કિંમત	બિડ અને EMD (રિઝર્વ કિંમતના 10%) સબમિટ કરવાની છેલ્લી તારીખ	બિડ વધારો રકમ	ઈ-ઓક્શન વેચાણની તારીખ અને સમય
રૂા.૬૫,૫૦,૫૦૦/- (રૂપિયા પાસઠ લાખ પચાસ હજાર પાંચસો ફક્ત)	**૨૮ નવેમ્બર ૨૦૨૫** **રૂા.૬,૫૫,૦૫૦/-** (છ લાખ પચ્ચપન હજાર પચાસ ફક્ત)	**રૂા.૨૫,૦૦૦/-**	**૨૯ નવેમ્બર ૨૦૨૫**

મિલકતના નિરીક્ષણની તારીખ અને સમય: ૦૮ મી નવેમ્બર ૨૦૨૫, સવારે 11:00 થી સાંજે 5:00 વાગ્યા સુધી અને વિનંતી પર અધિકૃત અધિકારી શ્રી સુનિલ વર્માનો ૯૯૮૭૦૩૦૧૪૮ પર સંપર્ક કરી શકાય છે.

ઈ-હરાજીના નિયમો અને શરતો નીચે મુજબ છે:

૧. ઈ-હરાજી "જેમ છે જ્યાં છે" અને "જેમ છે જે છે તેના આધારે" યોજાઈ રહી છે અને તે "ઓનલાઈન" રીતે હાથ ધરવામાં આવશે. આ હરાજી **નોર્ધન આર્ક કેપિટલ લિમિટેડના** માન્ય સેવા **પ્રદાતા મેસર્સ ઇ-પ્રોક્યોરમેન્ટ ટેક્નોલોજીસ લિમિટેડ** દ્વારા હાથ ધરવામાં આવશે. ઓક્શન ટાઇગર અમદાવાદ **(સંપર્ક વ્યક્તિ: - શ્રી રામ શર્મા સેલ નંબર ૮૦૦૦૦૨૩૯૭, ઇમેઇલ ramprasad@auctiontiger.net અને (સંપર્ક વ્યક્તિ: - શ્રી સુનિલ વર્મા સેલ ૯૯૮૭૦૩૦૧૪૮) : sunil.verma@northernarc.com ને વેબ પોર્ટલ આનંદ દેવકર ૯૬૦૦૫૫૩૧૦૦ અને સમીર સુખે મો.નં. : ૯૫૫૨૯૧૦૮૩૫ ઇ-મેલ : Sameer.suke@northernarc.com (http://sarfaesi.auctiontiger.net)** પર ઇમેઇલ કરો. ઓનલાઇન ઇ-ઓક્શન બિડ ફોર્મ ધરાવતો ઇ-ઓક્શન ટેન્ડર દસ્તાવેજ વેબસાઇટ્સ, http://sarfaesi.auctiontiger.net પર ઉપલબ્ધ છે.

૨. ઇચ્છુક ખરીદદારો/બિડરોએ EMD રકમ NEFT/RTGS દ્વારા એકાઉન્ટ નંબર **૬૫૨૫૨૦૩૭૯૯૪, નોર્ધન આર્ક કેપિટલ લિમિટેડ: સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા** અને IFSC કોડ : **SBIN0009930** માં જમા કરાવવાની રહેશે અથવા **નોર્ધન આર્ક કેપિટલ લિમિટેડના** પક્ષમાં કોઈપણ રાષ્ટ્રીયકૃત અથવા અનુસૂચિત બેંકમાં બનાવેલા ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા જમા કરાવવાની રહેશે.

૩. બિડર્સ પાસે માન્ય ઇમેઇલ આઈડી હોવી આવશ્યક છે {ઇચ્છુક બોલી લગાવનાર માટે ઇમેઇલ આઈડી એકદમ જરૂરી છે કારણ કે બધી સંબંધિત માહિતી અને આઈડી અને પાસવર્ડની ફાળવણી ઇમેઇલ દ્વારા થઈ શકે છે}.

૪. ઇચ્છુક બોલી લગાવનાર વ્યક્તિએ ઈ-હરાજીમાં ભાગ લેવા માટે વિનંતી પત્ર સાથે યુટીઆર નંબર જેવા EMD ડિપોઝિટ માટેના પુરાવા, (i) ઓળખનો પુરાવો (KYC) જેમ કે મતદાર ઓળખ કાર્ડ/ડ્રાઇવિંગ લાઇસન્સ/પાસપોર્ટ વગેરેની સ્વ-પ્રમાણિત નકલો, (ii) વર્તમાન સંદેશાવ્યવહાર માટે સરનામું-પુરાવો, (iii) બોલી લગાવનારનું પાન કાર્ડ, (iv) માન્ય ઈ-મેલ આઈડી, (v) બોલી લગાવનારનો સંપર્ક નંબર (મોબાઇલ/લેન્ડલાઇન) વગેરે **તારીખ ૨૮ નવેમ્બર ૨૦૨૫,** બપોરે 01:00 થી 02:00 વાગ્યા સુધીમાં **નોર્ધન આર્ક કેપિટલ લિમિટેડને** સબમિટ કરવાના રહેશે. આ દસ્તાવેજોના મૂળ દસ્તાવેજોની સ્કેન કરેલી નકલો પણ **નોર્ધન આર્ક કેપિટલ લિમિટેડના** ઈ-મેલ આઈડી પર સબમિટ કરી શકાય છે.

૫. લાયક બિડર્સના નામ **નોર્ધન આર્ક કેપિટલ લિમિટેડ** દ્વારા ઓનલાઈન ઈ-હરાજીમાં ભાગ લેવા માટે ઓળખવામાં આવશે. પોર્ટલ, http://sarfaesi.auctiontiger.net (ઓક્શન ટાઇગર) લાયક બિડર્સના PAN ની યોગ્ય ચકાસણી પછી યુઝર આઈડી અને પાસવર્ડ પ્રદાન કરશે.

૬. રસ ધરાવતા બોલી લગાવનારાઓની જવાબદારી રહેશે કે તેઓ બોલી રજૂ કરતા પહેલા મિલકતનું નિરીક્ષણ કરે અને પોતાને સંતોષ આપે.

૭. ઉપરોક્ત મિલકતોની ઈ-હરાજી/બિડિંગ નિર્ધારિત તારીખ અને સમયે બરાબર હાથ ધરવામાં આવશે. બિડર મિલકત સામે બિડ ઇન્ક્રીમેન્ટ એમાઉન્ટ" કોલમ હેઠળ ઉલ્લેખિત રકમના ગુણાંકમાં તેમની ઓફરમાં સુધારો કરશે. જો ઈ-હરાજી બંધ થવાના સમયની છેલ્લી ૫ મિનિટમાં બોલી મૂકવામાં આવે છે, તો બંધ થવાનો સમય આપમેળે ૫ મિનિટ માટે લંબાવવામાં આવશે. ઈ-હરાજી પ્રક્રિયા બંધ થવા પર જે બોલી લગાવનાર સૌથી વધુ બોલી રકમ (રિઝર્વ કિંમતથી ઓછી નહીં) સબમિટ કરશે તેને સફળ બિડર જાહેર કરવામાં આવશે અને તે અંગેનો સંદેશ ઇલેક્ટ્રોનિક મોડ દ્વારા જારી કરવામાં આવશે જે **નોર્ધન આર્ક કેપિટલ લિમિટેડ** / સિક્યોર્ડ લેણદાર દ્વારા મંજૂરીને આધીન રહેશે.

૮. સફળ બોલી લગાવનારની અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) આંશિક વેચાણ વિચારણા માટે રાખવામાં આવશે અને અસફળ બોલી લગાવનારાઓની EMD પરત કરવામાં આવશે.

૯. વેચાણ પુષ્ટિકરણ/વેચાણ પ્રમાણપત્ર ફક્ત ખરીદનાર/અરજદાર/અરજદારોના નામે જારી કરવામાં આવશે અને અન્ય કોઈ નામ(નામો)થી જારી કરવામાં આવશે નહીં.

તારીખ : ૨૮મી ઓક્ટોબર ૨૦૨૫
સ્થળ : પલસાણા-સુરત, ગુજરાત.

સહી/-
અધિકૃત અધિકારી
નોર્દન આર્ક કેપીટેલ લિમિટેડ

ગુજરાતમાં અંગ્રેજી વિષયના પ્રથમ સિનિયર પ્રોફેસર તરીકે બઢતી મેળવતા ડો. દિલિપસિંહ પી. બારડનું ગરિમાપૂર્ણ સન્માન

જનાદેશ પ્રતિનિધિ, રાજકોટ : મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના અંગ્રેજી ભવનના અધ્યક્ષ પ્રોફેસર ડો. દિલિપસિંહ બારડનું ગુજરાત રાજ્યમાં અંગ્રેજી વિષયના સૌપ્રથમ સિનિયર પ્રોફેસર તરીકેની બઢતીના અનન્ય પ્રસંગે ગરિમાપૂર્ણ સન્માન કરવામાં આવ્યું. આ સન્માન સમારોહમાં તેમના વિદ્યાર્થીઓ, સહકર્મીઓ અને વરિષ્ઠ અધ્યાપકો ઉપસ્થિત રહ્યા. આ પ્રસંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ પર અંગ્રેજી ભવનના પ્રોફેસર ડો. જયદીપસિંહ ડોડીયા, માતુશ્રી વીરબાઈ મહિલા કોલેજના ડો. ઈરોસ વાજા તથા વિરાણી સાયન્સ કોલેજના ડો. નિહારિકા રાવત દ્વારા ડો. બારડને શાલ ઓઢાડી, સ્મૃતિ ચિન્હ આપી અને શુભેચ્છાઓ પાઠવીને સન્માનિત કરવામાં આવ્યા. ડો. બારડે દાયકાઓથી શિક્ષણક્ષેત્રે કરેલા યોગદાન, નવા અભિગમો અને સંસ્થાના વિકાસ માટેની કામગીરી દ્વારા અસંખ્ય વિદ્યાર્થીઓ અને સહકર્મીઓ માટે માર્ગદર્શક અને પ્રેરણાસ્ત્રોતની ભૂમિકા નિભાવી છે.

તેમની નિષ્ઠા, શિસ્તભર્યું વર્તન અને સાહિત્યપ્રેમી દૃષ્ટિ તેમની વિશિષ્ટ ઓળખ છે. અંગ્રેજી ભાષા અને સાહિત્યના ક્ષેત્રે યશસ્વી કારકિર્દી ધરાવતા ડો. દિલીપસિંહ બારડે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી ભવનમાં જ વરિષ્ઠ પ્રોફેસર ડો. જયદીપસિંહ ડોડીયાનાં માર્ગદર્શન હેઠળ ''થોમસ હાર્ડીની નવલકથાઓ'' પર સંશોધન કરી પીએચ.ડી.ની ઉપાધી મેળવી હતી. આમ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી ભવનના પૂર્વ વિદ્યાર્થી ડો. બારડને આ બઢતી મળતા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વિસ્તારમાં કાર્યરત અંગ્રેજીના અધ્યાપકોએ પણ તેમને અભિનંદન પાઠવ્યા છે.

શિક્ષણક્ષેત્રે આધુનિક શૈક્ષણિક પ્રણાલી ના પ્રણેતા પ્રોફેસર દિલિપ બારડ માત્ર એક પ્રતિષ્ઠિત શિક્ષક જ નથી, પરંતુ ડિજિટલ યુગમાં અંગ્રેજી શિક્ષણને આધુનિક બનાવનારા પ્રણેતા તરીકે પણ ઓળખાય છે. તેમણે શિક્ષણમાં ટેકનોલોજીના સંકલન માટે અનેક નવી પહેલ કરી છે. ''બ્લેન્ડેડ લર્નિંગ'', ''ડિજિટલ હ્યુમેનિટીઝ'' અને ''સાહિત્ય અભ્યાસમાં કૃત્રિમ બુદ્ધિમત્તા (એ. આઈ.)'' જેવા નવા ક્ષેત્રોમાં તેમણે પ્રયોગાત્મક શિક્ષણને પ્રોત્સાહન આપ્યું છે. તેમના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ બ્લોગ, વીડિયો લેક્ચર અને ઓનલાઈન કોર્સ જેવી પ્રવૃત્તિઓ દ્વારા શૈક્ષણિક સર્જનાત્મકતા વિકસાવી છે. શૈક્ષણિક કાર્ય સાથે સાથે પ્રોફેસર બારડ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે યોજાતા ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ્સ, સેમિનાર અને વેબિનારમાં આમંત્રિત વક્તા તરીકે મહત્વનું યોગદાન આપે છે. શિક્ષણની નવી રાષ્ટ્રીય નીતિ અને જનરેટિવ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા વિષયો પર તેમના ઉલ્લેખનીય વિચારો અને અનુભવોએ શિક્ષણજગતમાં નવો દૃષ્ટિકોણ પ્રસ્થાપિત કર્યો છે. ડો. દિલિપસિંહ બારડના આ સન્માનથી માત્ર અંગ્રેજી ભવન જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાતના શિક્ષણજગતમાં ગૌરવની લાગણી વ્યાપ્ત થઈ છે.

આ પ્રસંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ પર ઉપસ્થિત પ્રોફે. જયદીપસિંહ ડોડીયા, ડો. ઈરોસ વાજા, ડો. નિહારિકા રાવત વગેરેએ હર્ષપૂર્વક તેમનું અભિવાદન કર્યું અને તેમના તેજસ્વી ભવિષ્ય માટે શુભકામનાઓ વ્યક્ત કરી.

ડાંગ જિલ્લાની મોટરીંગ પબ્લીકને પસંદગીના નંબરો મેળવવાની તક

જનાદેશ પ્રતિનિધિ, આહવા: તાઃ ૨૮: ડાંગની સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી દ્વારા, જિલ્લાની મોટરીંગ પબ્લિકની સગવડતા માટે પસંદગીના નંબરની ફાળવણી અર્થે ઓનલાઈન RE-AUCTION શરૂ કરવામાં આવેલ છે. જે અંતર્ગત મોટર સાયકલ, ટ્રાન્સપોર્ટ વાહનો તથા મોટરકારના નંબર માટે GJ30E, GJ30F, GJ30C GJ30T, GJ30P સીરીઝમા ગોલ્ડન/સિલ્વર નંબર માટે REAUCTION શરૂ કરવામા આવેલ છે. ઈચ્છા ધરાવનાર વાહન માલિકો તેમના વાહનોનુ રજીસ્ટ્રેશન કરાવી, ઓનલાઈન http/fancy.parivahan.gov.inપર રજીસ્ટ્રેશન કરી REAUCTION મા ભાગ લઈ શકે છે.

આ માટે (૧) તા. ૧૦/૧૧/૨૦૨૫ થી ૧૨/૧૧/૨૦૨૫ ના રોજ REAUCTION માટેનુ ફોર્મ રજીસ્ટ્રેશન કરાવવા અને એપ્લીકેશન કરવાની રહેશે. (૨) તા. ૧૨/૧૧/૨૦૨૫ થી ૧૪/૧૧/૨૦૨૫ના રોજ AUCTION માટેનુ BIDDING OPEN થશે. (૩) હરાજીનું પરિણામ તારીખ ૧૪/૧૧/૨૦૨૫ પછી કરવામાં આવશે.

હરાજી માટેની શરતો.

વાહન માલિકે સૌ પ્રથમ http/fancy.parivahan.gov.in વેબસાઈટ પર જઈને રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ યુઝર આઈડી અને પાસવર્ડ મેળવવાનું રહેશે. ત્યારબાદ સદર વેબ સાઈટ પર લોગઈન કરીને વાહન ખરીદ કર્યાની તારીખ થી ૭ દિવસની અંદર CNA ફોર્મ ભરવાનું રહેશે. વાહન માલિક ગોલ્ડન અને સિલ્વર નંબર પર થી કોઈ એક નંબર પસંદ કરીને ઓનલાઈન પેમેન્ટ પ્રક્રિયા પુર્ણ કરીને ઓનલાઈન રસીદ મેળવી લેવાની રહેશે. વાહન માલિક પોતાની બીડ ઉપરોક્ત દર્શાવેલ સમય ગાળા દરમિયાન વધારી શકશે. તેમ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી ડાંગની એક અખબારી યાદીમા જણાવાયુ છે.

આત્મમંથનની જ્યોતથી પ્રકાશિત નિરંકારી સંત સમાગમ સુરતના હજારો નિરંકારી ભક્તો સમાલખા જશે

જનાદેશ પ્રતિનિધિ, સુરત : સતગુરુ માતા સુદીક્ષા જી મહારાજ અને નિરંકારી રાજપિતા રમિત જીની પવિત્ર છત્રછાયામાં ૭૮મો વાર્ષિક નિરંકારી સંત સમાગમ ૩૧ ઓક્ટોબરથી ૩ નવેમ્બર સુધી હરિયાણાના સમાલખા ખાતે આવેલા સંત નિરંકારી આધ્યાત્મિક સ્થળ પર અદ્ભુત દિવ્યતા અને ભવ્યતા સાથે યોજાવા જઈ રહ્યો છે. આ આત્મીયતાના ઉત્સવમાં દેશ-વિદેશથી અસંખ્ય શ્રદ્ધાળુઓ ભાગ લઈ આનંદનો અનુભવ મેળવશે, જ્યારે સુરતના હજારો ભક્તો પણ સમાલખા જશે.દક્ષિણ ગુજરાતના પ્રભારી શ્રી ઓંકાર સિંહ જીએ જણાવ્યું કે સંત સમાગમ માત્ર એક ધાર્મિક કે વાર્ષિક આયોજન નથી, પરંતુ જ્ઞાન, પ્રેમ અને ભક્તિનું એવું પવિત્ર સંગમ છે, જે બ્રહ્મજ્ઞાન દ્વારા આત્માને પરમાત્મા સાથે જોડવાનું સશક્ત માધ્યમ બને છે. અહીં શ્રદ્ધાળુઓ માત્ર આધ્યાત્મિક જાગૃતિ જ નથી મેળવતા, પરંતુ માનવતા, વિશ્વબંધુત્વ અને પરસ્પર સૌહાર્દની ભાવનાઓને પણ આત્મસાત કરે છે. આ આયોજન 'આત્મમંથન'ની એ દિવ્ય ભૂમિ છે, જ્યાં દરેક સાધક પોતાના અંતરમનમાં ડોકિયું કરવા, આત્મચિંતન કરવા અને આત્મિક ચેતનાને જાગૃત કરવાની પ્રેરણા મેળવે છે. સુરતના ભક્તો સહિત દેશભરના હજારો શ્રદ્ધાળુઓ પોતપોતાના વિસ્તારોમાંથી આવીને શ્રદ્ધા, સમર્પણ, તન્મયતા અને ભક્તિભાવ સાથે દિવસ-રાત સમાગમની તૈયારીઓમાં પોતાની

સેવાઓ આપી રહ્યા હતા, જેના પરિણામે નિરંકારી આધ્યાત્મિક સ્થળ ધરતી પર સ્વર્ગમય અનુભૂતિ કરાવે છે.તેમણે જણાવ્યું કે સુરત ઝોનના હજારો સેવાદારો અને શ્રદ્ધાળુ ભક્તો ૨૯ અને ૩૦ ઓક્ટોબરે બસ, રેલ અને પોતાના ખાનગી વાહનો દ્વારા નિરંકારી સંત સમાગમમાં ભાગ લેવા જશે.સંત સમાગમનું સંપૂર્ણ આયોજન સતગુરુ માતા જીની દિવ્ય પ્રેરણા અને આશીર્વાદથી સંચાલિત થઈ રહ્યું છે. સતગુરુની એ જ મંગલકામના છે કે દરેક શ્રદ્ધાળુ આ સમાગમમાં પ્રેમ, સન્માન અને યોગ્ય સુવિધાનો અનુભવ કરી આધ્યાત્મિક રીતે પરિપૂર્ણ થાય. સંત નિરંકારી મંડળના સચિવ શ્રી જોગિન્દર સુખીજાના જણાવ્યા અનુસાર, એક સમયે જે સ્થળ માત્ર એક સામાન્ય મેદાન હતું, તે હવે સંતોની કર્મઠ સેવાભાવનાને કારણે ભવ્ય શામિયાણાઓની સુંદર નગરીમાં પરિવર્તિત થઈ ગયું છે. આ દિવ્ય વાતાવરણ દરેક આગંતુકને પોતાની તરફ આકર્ષે છે.સમાગમ સ્થળને એક દિવ્ય નગરીનું સ્વરૂપ આપવામાં આવ્યું છે.

વિશાળ પંડાલોમાં ભક્તો માટે સુવ્યવસ્થિત બેસવાની વ્યવસ્થા સુનિષ્ચિત કરવામાં આવી છે. સમાગમ મંચ પર થતા પ્રેરણાદાયી પ્રવચનો, ભાવપૂર્ણ ભજનો અને વિચારોને સમગ્ર પરિસરમાં વધુ અસરકારક રીતે રજૂ કરવા માટે અદ્યતન એલ.ઈ.ડી. સ્ક્રીનો સ્થાપિત કરવામાં આવી રહી છે, જેથી દૂરસ્થ સ્થળોએ બેઠેલા શ્રદ્ધાળુઓ પણ તે જ ભાવ, ઉર્જા અને અનુભૂતિ સાથે સત્સંગનો લાભ મેળવી શકે. આખા સમાગમ પરિસરને ચાર મુખ્ય ખંડોમાં વિભાજિત કરવામાં આવ્યું છે, જેથી સંચાલન, આવાગમન અને સુવિધાઓનું યોગ્ય પ્રબંધન સુનિષ્ચિત થઈ શકે.ગત વર્ષોની પરંપરાને આગળ વધારતા, આ વર્ષે પણ મુંબઈના શ્રદ્ધાળુ ભક્તો દ્વારા નિર્મિત મુખ્ય સ્વાગત દ્વાર પોતાની કલાત્મક ભવ્યતા સાથે સમાગમની આધ્યાત્મિક રૂપરેખાનું પ્રતિબિંબ બનીને ઉભર્યું છે. આ દ્વાર માત્ર સૌંદર્યનું પ્રતીક નથી, પરંતુ સમર્પણ, સેવા અને સર્જનશીલતાનું જીવંત ઉદાહરણ પણ છે. જેમ-જેમ સમાગમમાં શ્રદ્ધાળુઓની સંખ્યા સતત વધી રહી છે, તેમ-તેમ આ સ્વાગત દ્વાર પણ પોતાના સ્વરૂપ, વિસ્તાર અને ગરિમામાં વધુ ભવ્યતા ધારણ કરી રહ્યું છે, જાણે તે સમગ્ર માનવતાને પ્રેમ, અપનત્વ અને સમભાવથી આમંત્રિત કરવા તત્પર હોય.આ પવિત્ર સંત સમાગમમાં દરેક સજ્જન મહાત્મા અને શ્રદ્ધાળુ ભક્તનું સાદર આમંત્રણ છે. આવો, આ આત્મિક મિલન અને ભક્તિના મહાસંગમનો હિસ્સો બનીએ, સતગુરુના દિવ્ય દર્શન કરીએ, તેમના અમૃતમય પ્રવચનોનો લાભ મેળવીએ, અને આત્માને પરમાત્મા સાથે જોડવાની આ અનુપમ યાત્રામાં સહભાગી બનીને જીવનને ધન્ય કરીએ. નિઃશંક આ સંત સમાગમ માત્ર એક આયોજન નથી, પરંતુ આત્મમંથન, આત્મબોધ અને આંતરિક શુદ્ધિનો અવસર છે.

સાપુતારા વેકેશન ફેસ્ટિવલ-૨૦૨૫ના આયોજનથી લાભપાંચમ પછી પણ પ્રવાસીઓનો ધસારો

જનાદેશ પ્રતિનિધિ, આહવાઃ તાઃ ૨૮: ડાંગ જિલ્લા વહીવટી તંત્ર, અને નોટીફાઈડ એરિયા કચેરી, સાપુતારા દ્વારા આયોજિત 'સાપુતારા વેકેશન ફેસ્ટિવલ-૨૦૨૫' ને પ્રવાસીઓનો ખુબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. 'સાપુતારા પ્રવાસ હવે બારેમાસ' સૂત્રને સાર્થક કરતા આ વેકેશન ફેસ્ટિવલમાં લાભ પાંચમ પછી પણ પ્રવાસીઓનો ધસારો જોવા મળી રહ્યો છે. આ ફેસ્ટિલ અંતર્ગત સાંજના સાંસ્કૃતિક કાર્યક્રમમાં પણ પ્રવાસીઓએ મંડપને હાઉસફૂલ કરી દીધો હતો. કાર્યક્રમમાં કલાવૃંદ દ્વારા રજુ કરવામાં આવેલ સિદી ધમાલ નૃત્યમાં પ્રવાસીઓ પણ મન મુકીને નાચ્યા હતા. મોન્સૂન સિઝન બાદ પણ વધુને વધુ પ્રવાસીઓ સાપુતારાની મૂલાકાત લે, અને સાપુતારાના કુદરતી સૌંદર્યને માણે, સાથે સાથે ડાંગની આદિવાસી સંસ્કૃતિને પણ જાણે તેમજ ડાંગના પારંપરિક વાદ્યો અને નૃત્યથી પ્રવાસીઓ અવગત થાય તે માટે વેકેશન ફેસ્ટિવલની થીમ અંતર્ગત સાપુતારા મેઇન સર્કલ અને ટેબલ પોઈન્ટ ખાતે સ્ટેજ બનાવીને લાઈવ ડાંગી નૃત્યની મજા માણી શકે તેવું આયોજન વહીવટી તંત્ર અને નોટીફાઈડ કચેરી દ્વારા કરવામાં આવ્યુ છે. જેમાં પ્રવાસીઓ સ્ટેજ પર ચડીને કલાકારો સાથે નૃત્ય કરીને પોતાના પ્રવાસને યાદગાર બનાવી રહ્યા છે. નોટીફાઈડ એરિયા કચેરી દ્વારા ઉભા કરવામાં આવેલા આકર્ષક સેલ્ફી ઝોન પર ફોટો પડાવીને પ્રવાસીઓ, આ ફેસ્ટિવલની ક્ષણોને કાયમી સંભારણું બનાવી રહ્યા છે. સાપુતારા ખાતે લાભ પાંચમ બાદ પણ પ્રવાસીઓની ભીડ રહેતા, સ્થાનિકોને રોજગાર પણ પ્રાપ્ત થયો છે. જેથી વહીવટી તંત્ર, નોટીફાઈડ એરિયા કચેરીના આયોજનને સ્થાનિકો, હોટલ એસોસિએશન સાપુતારા તેમજ પ્રવાસીઓ દ્વારા આવકારવામાં આવી રહ્યું છે. કાર્યક્રમને સફળ બનાવવા માટે કલેક્ટર સુશ્રી શાલિની દુહાનના માર્ગદર્શન હેઠળ ચીફ ઓફિસર શ્રી યુ.વી.પટેલ, અને નાયબ મામલતદાર શ્રી પી.વી.પરમાર જહેમત ઉઠાવી રહ્યા છે.

કમોસમી વરસાદને પગલે તાપી જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેતાં

આદિજાતિ વિકાસ કેબીનેટ મંત્રી નરેશભાઇ પટેલ અને રમત ગમત, યુવક સેવાના રાજ્ય મંત્રીશ્રી ડો. જયરામભાઇ ગામીત

મંત્રીશ્રી નરેશભાઇ પટેલ અને મંત્રીશ્રી ડો. જયરામભાઇ ગામીતે ટોકરવા ગામે નુકસાનગ્રસ્ત પાકની સ્થિતિનું નિરીક્ષણ કરી ખેડૂતો સાથે સંવાદ સાધ્યો

જનાદેશ પ્રતિનિધિ તાપી આજરોજ તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના ટોકરવા ગામે આદિજાતિ વિકાસ કેબિનેટ મંત્રીશ્રી નરેશભાઈ પટેલ, રાજ્યકક્ષા મંત્રીશ્રી ડો.જયરામભાઈ ગામીત, રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, પૂર્વ પ્રમુખ શ્રી સૂરજભાઈ વસાવા સહિત પદાધિકારીઓએ કમોસમી વરસાદથી ડાંગરના પાકના ક્ષતિગ્રસ્ત વિસ્તારની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે મંત્રીઓએ મહિલા ખેડૂતના ખેતરની મુલાકાત લઈ પાકમાં થયેલ નુકશાન અંગેની વિગત મેળવી હતી અને જણાવ્યું હતું કે રાજ્ય સરકાર ખેડૂતોની સાથે છે અને હંમેશા મદદરૂપ થવા કટીબધ્ધ છે.મુલાકાત દરમિયાન મહાનુભાવોએ ટોકરવા ચૌક ખાતે ભગવાન બિરસામુંડાની

પ્રતિમાને ફૂલમાળા અર્પણ કરી હતી.આ મુલાકાત દરમિયાન જિલ્લા વિકાસ અધિકારી રામનિવાસ બુગાલીયા,પ્રાંત અધિકારી સંદીપ ગાયકવાડ,સહિત તાલુકા અને જિલ્લા સ્તરના અધિકારીઓને,ટોકરવા ગામના સભ્યશ્રીઓ,આગેવાનો,ગ્રામજનો મોટી સખ્યાંમાં ઉપસ્થિત રહ્યા હતા.